# સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૬૨૫૧

## સલામી સવારની..

માથે પાઘડી પણ નાક કપાય તો શું કામનું?
આકાશે ઉડનારાની પાંખ કપાય તો શું કામનું?
વિશ્વમાં મર્દ પણ ઘરમાં મિંદડી તો શું કામનું?
માંસલ શરીરમાં હૃદય હોય બંધ તો શું કામનું?
(દેશના દિલમાંથી જાકારો)

## હાઇકુ

સત્તાની ભૂખ,
અહંકારથી થાય -
પતન શરૂ..

તક મળે તો -
પ્રજા પણ કહી દે -
'દિલ કી બાત'

## ચિંતન

**માતા શત્રુઃ પિતા વેરી યેન બાલા ન પાઠિતઃ । ન શોભતે સભામધ્યે હસંમધ્યે બકો યથા ॥**

'જેણે પોતાનાં બાળકોને સાચું શિક્ષણ આપી ભણાવ્યાં નથી એ માતા-પોતાના સંતાનોની શત્રુ છે અને પિતા વેરી છે. હંસોની હારમાળાના સમાજમાં જેમ બગલો શોભતો નથી તેમ સજ્જનોના સમાજમાં આ બાળક મોટું થઇ - શોભતો નથી.'

આજે માતા-પિતા પોતાનાં રોજિંદાં કામ-ધંધા ઉપરાંત પણ પોતાના શોખ અને સામાજિક મોભો અપાવે પ્રવૃત્તિઓમાં પ્રવૃત્ત રહે છે તેથી પોતાનાં જ સંતાનનાં શિક્ષણ-સંસ્કાર પ્રત્યે સતત જાગૃતિ સેવી નથી શકતા પરિણામે બાળક ભણવામાં નબળું થતું જાય કે સંસ્કારી સોબત ન મળે તો જિંદગીભર જે દુષણો સતાવે એના શિકાર થઇ જાય છે. માત્ર ડીગ્રી-ટકા એજ શિક્ષણ નથી પરંતુ જીવનલક્ષી-હેતુલક્ષી-વ્યવહારિક શિક્ષણ આપવાની પણ માતા-પિતાની ફરજ બની રહે છે. માત્ર શાળા-ટ્યૂશનની ફી ભરી દીધી એટલે જવાબદારી પૂરી થઇ જતી નથી.

બાળકની ટેવો-સ્વભાવ-આચાર-વિચાર-શોખો અને સંસ્કાર પણ માતા-પિતાની ફરજમાં આવે છે. નહીં તો ડીગ્રીધારી હોવા છતાં પણ પોતાનું બાળક સમાજમાં 'બાઘો' - બોદો દેખાશે. જાણે હંસોની હારમાં રૂપાળો બગલો...

## સુવિચાર

- ખ્વાબ કુછ એસા હો કી ઝીંદગી નૂર હોજાયે, કોશીશ કુશ ઐંસી હો કી મુશ્કિલ હો જાયે, ઔર ફરિયાદ કુછ ઐસી હો કી ખુદા ભી પૂરી કરને કો મજબૂર હો જાયે - **અકબર રામપૂરી**
- આકાશ અને ધરતી વચ્ચેની ભીની ગુફ્તેગો ને લોકો વરસાદ કહે છે - **ગુણવંત શાહ**
- ઉપવાસનો મહિમા થયો તેટલો જો હેલ્થફૂડનો મહિમા થયો હોત તો દેશ ઘણો રોગમુક્ત હોય - **ચંદ્રકાન્ત બક્ષી**
- લોહીની સગાઇ માણસને સંબંધની બારાખડી શીખવે છે - **એસ. ભટ્ટાચાર્ય**
- દુનિયામાં આપણે એવો સમાજ રચવા માંગીએ છીએ જેમાં સ્મિતનું સન્માન હોય અને આસુનો આદર હોય, આવા સમાજના બે આધાર સ્તંભો છે, તે છે પ્રેમ અને કરૂણા - **સંત રોબિન**
- ટીવી વિદ્યુત શક્તિ નહીં, વિચારશક્તિ ખાનારું સાધન છે, ટીવી આપણી અક્કલનો આહાર કરે છે - **જેરી ચંગ**
- દુનિયાદારીના ચોકઠામાં સરસ રીતે ગોઠવાઇ જાય એવા માણસને 'વ્યવહારુ' કહેવામાં આવે છે - **જનકલ્યાણ**

**- (સંકલન : દીપક વી. આસરા)**

## બોધ કથા

આપણી સંબંધ ધરાવનાર સ્નેહ-મિત્રો-ધંધાદારી-સંબંધીઓ-સહકર્મચારી, કુટુંબીજનો (અતિ નિકટના કે દૂરના) હોઇએ છતાં શબ્દોથી, વર્તનથી, આપણી સાથે અન્યાયી અને અપમાનજનક વર્તન કરી આપણા હૃદયને ભાંગી ભૂકો કરી નાખે છે, આપણી સમર્થતા હોય અને ગુસ્સો વ્યક્ત કરવાની શક્તિ હોવા છતાં પણ 'ક્ષમા' માફી આપતાં શીખવવું જોઇએ એ જ સાચું મનુષ્યનું - માનવતાપૂર્ણ જીવન છે.

બીજા વિશ્વયુદ્ધ પછી જર્મનીની - હિટલરની સેનાએ હજારો યહુદીઓને ઝેરી ગેસ ચેમ્બરથી મારી નાખ્યા હતા. અને હજારો સ્ત્રી-પુરુષ બાળકોને વિશાળ બરાકોમાં પૂરી નાખ્યા હતા જયાં શરીર ટકે એટલું ખાવાનું આપ્યા સિવાય કોઇ જ સુવિધા ન હતી. માર-હડધૂત-ત્રાસ એમને માટે સહજ હતું. કેટલાક રોગ-ભૂખ-અને આઘાતથી મૃત્યુ પામ્યા. થોડા ઘણા બચ્યા તે વિશ્વયુદ્ધ પછી મુક્ત થયા.

આ યાતનાના સહયોગી મિત્રો મુક્ત થયા પછી ઘણા વર્ષે મળ્યા, અનેક વાતચીત પછી એક મિત્રને બીજાને પૂછ્યું, ભાઇ તને આપણી યાતનાના એ દિવસો યાદ આવે છે?

બીજાએ કહ્યું, હા દોસ્ત, એ દિવસો તો હું હજી પણ દરેક ક્ષણે યાદ કરી યાતના અનુભવું છું હું 'નાઝીઓ' તસભાર પણ માફ નથી કરી શક્યો...

પેલા મિત્રએ - કહ્યું - માફીમાં જ મુક્તિ છે, તો તો તું હજીએ યાતના ભરી જેલમાં જ છે.

Email - sureshchandrabhatt18@gmail.com

# વિચારમાં અટવાતાં મન પરનો કાબૂ ગુમાવતાં એની કાર સામેથી આવતા એક ખટારા સાથે અથડાઈ, બાપે એના પચ્ચીસમી જન્મ દિન ઉજવણી પ્રસંગે આપેલી કારના ભૂક્કા બોલી ગયા એની સાથે મનને પણ આ દુનિયામાંથી વિદાય લીધી

## એ એક દીકરો હતો !

- જય ગજ્જર

'ડેડી, તમારા ભગવાનને યાદ કરી લો. હવે તમારા દિવસો પૂરા થયા છે!' અને સામે ઊભેલા નરોત્તમ શાહને ગોળીએ વીંધી દીધા.

એક હરફે ઉચ્ચાર્યા વિના પૂંઠ ફેરવી બંગલાની બહાર નીકળવા જતો હતો ત્યાં રસોડામાં રસોઈ કરતી વિભા સામે દોડી આવી. એનું ગળું દબાવી બોલ્યો, 'માલામાલ થવું હોય તો મોઢું બંધ રાખજે, નહિતર...'

અને મનન ઘર બહાર નીકળી ગયો.

કારમાં બેસી કાર ચાલુ કરી. બાપના વિચારોએ એના મનને ઘેરી લીધું.

'બાપ પાસે પૈસા માગવાનો મને હક્ક નથી? મારા જનમ પછી ધનના ઢગ મળ્યા છે એ ડોસો એ કેમ ભૂલી જાય છે!' ગામડાના કેવા ઘરમાં રહેતા હતા?

'આ મનનના જન્મ પછી તમારું નસીબ ફરી ગયું છે એ ન ભૂલતા!' એની માબાપના ગુસ્સા વખતે એ યાદ અપાવતી.

'તેં જ એને ફટવી દીધો છે! મેં મારી જાત મહેનતથી આ સાહ્યબી ઊભી કરી છે! એણે તો રખડી ખાધું છે. બાપના પૈસા પર તાગડધિન્ના સિવાય કશું સૂઝે છે એને!'

'એક દિવસે તમારું નામ ઊજાળશે!' કહી મનનનો પક્ષ લેતી. એ આશાએ એને સારા ઘેર પરણાવ્યો.

ગુણિયલ વહુ વિભા પણ પતિનો સ્વભાવ સુધારવા અને શાંતિથી બા-બાપુ સાથે આદરથી વાત કરવા અને વર્તન બદલવા દબાણ કરતી. એ વખતે પત્નીનું ગળું દબાવી દેવાની ધમકી આપતો અને અને બોલતી બંધ કરી દેવા ધમકાવતો.

આજ એ બધાં આંખ સામે રમી રહ્યાં. પશ્ચાતાપથી પહેલ વહેલાં એનું મન પીગળ્યું.

કારનું રેકોડિંગ ઓન કરી મોટેથી બબડયો, 'ડેડી, મને માફ કરજો. ગુસ્સો રોકી ન શકતાં એક અવિચારી પગલું ભરી બેઠો! આજ મારી બા અને વિભાને પગે લાગી એક સજ્જન બનવાની પ્રતિજ્ઞા લઈ તમારું નામ ઉજ્જવળ કરીશ!'

વિચારમાં અટવાતાં મન પરનો કાબૂ ગુમાવતાં એની કાર સામેથી આવતા એક ખટારા સાથે અથડાઈ. બાપે એના પચ્ચીસમી જન્મ દિન ઉજવણી પ્રસંગે આપેલી કારના ભૂક્કા બોલી ગયા એની સાથે મનને પણ આ દુનિયામાંથી વિદાય લીધી.

બે શબ સામે વિભા અને શોભાબહેન વલોપાત કરવા લાગ્યા ત્યાં એકાએક આંસુ લૂછી, હિંમત કરી વિભા બોલી, 'રે ભગવાન તારી લીલા અપાર છે! મારો વર જિંદગીભર જેલમાં સબડયા કરત. મા અને હું જિંદગીભર એના અમાનુષી કૃત્ય સામે ઉભરો કાઢી અને એની ખોટનો વલોપાત કરતાં રહેત એમાંથી આ સાસુ-વહુને સદાને માટે ઉગારી લેવા એક અનોખો માર્ગ તે અપનાવ્યો એ પાછળ છૂપાયેલ તારી અગમ લીલાને કોણ પામી શક્યું છે!' અને સાસુના બે પગ પકડી ઉમેર્યું, 'સાસુમા, શાંત થાઓ. બનવાકાળ બને જ છે! હું તમારો દીકરો બની જીવનભર સાથે રહી દીકરાની ખોટ કદી સાલવા નહિ દઉં!'

એ શબ્દો સાંભળતાં શોભનાબહેન વિભાને બાથમાં લઈ ધન્યતા અનુભવતાં બોલ્યાં, 'હા, બેટા, ભગવાને દીકરો લઈ લીધો પણ દીકરાની ખોટ ન અનુભવવા દે એવી ગુણિયલ મહાન મારી વહુ આજથી દીકરો બની રહેશે એનો મને ગર્વ છે'

# પ્રત્યેક કામ દિલથી કરો, ઢીલા થઈ જીવશો તો ઢળી જશો... જીવનમાં હળવો દૃષ્ટિકોણ રાખો, જીવન અને જગતને ખેલદિલીની નજરે નિહાળતા શીખવું એ પણ એક કળા છે

## લાગણીનો મેળો

- રસિક વાળંદ 'નિર્ઝર'

આજ કરીશું કાલ કરીશું લંબાવો નહિ દહાડાં,
વિચાર કરતા વિઘ્નો મોટાં આવશે વચમાં આડાં.

એક નાનકડી રૂપકકથા છે એક મોતી કહે છે, ડૂબકીયો સો વાર આવ્યો ને ખાલી છીપ લઈને ચાલ્યો ગયો. હવે મારી છીપનો વારો હતો. હું સિહરી ગયેલું. એક વધારે ડૂબકી ને એમને મેળવી ગયો હતો. પણ થાકી જયાંથી આવ્યો જ નહીં. હું બચી ગયું!

દોસ્તો, મોતી તો બચી ગયું પણ પેલો ડૂબકીયો- મરજીવો રહી ગયો એનું શું? આપણા જીવનમાં ઘણીવાર આવું જ બને છે. માત્ર એક ડૂબકીનો જ સવાલ હોય છે. મારી સૂક્તિ સંચયિકામાં નોંધ્યું છે, ચાલવાનો આનંદ જે માણી શકે છે કે એ જાણે કે પળે પળે પહોચવાનું શક્ય બને છે. મોટી મોટી મંઝિલો તો જયારે મળે ત્યારે મળે; પ્રત્યેક ડગલાંમાં મંઝિલનો આનંદ આવી વસે એના જેવું બીજું રૂડું શું?

ખલિલ જિબ્રાનનું એક વાક્ય મને સ્પર્શી ગયું છે, રોજ રોજ જાણીતા રાજમાર્ગે જનારા, હે ભાઈ, કદીક તો અજાણી કેડીએ જા! વણકંડારી કેડીએ અડાખીડ જંગલમાં ચાલવાની મજા મોંઘેરી છે. એ તો જાત અનુભવે જ સમજાય! આ આદેશ માથે ચડાવી તો જુઓ!

વાતવાતમાં ઘણા કહેતા હોય છે આપણે મશીન નહીં પણ માણસ છીએ. દોસ્તો, મશીનો પણ કોઈ કોઈ વાર ભૂલો કરે છે. અરે, અત્યાધુનિક કમ્પ્યુટરો પણ છબરડા વાળે છે. તો પછી આપણે તો માણસ છીએ ને? મારા એક સન્મિત્ર કેહે; મારામાં ઝંખનાઓ છે પણ મને સિદ્ધિ નથી ગમતી. હું એને હળવાશથી કહું, દોસ્ત, ઝંખના પોતે જ એક સિદ્ધિ છે. તારી પાસે તો ઝંખના છે પણ મોટા ભાગના લોકો પાસે તો એ પણ નથી હોતી. એટલે એનાથી આનંદ પામ. બેકન નામના ચિંતક કહે છે, ખરાબ માણસો પોતાના દોષ માટે બહાનાં કાઢે છે , જયારે સારા માણસો એ દોષ દૂર ફંગોળી મૂકે છે. દોષ તો દૂર કરાય એના ગુણગાન થોડા ગવાય? પોતાની અપૂર્ણતાની વાતો કરીને વજલેપ કરવાનું છોડી એમાંથી મુક્ત થવાનું વિચારવું એજ સારું તે યોગ્ય છે. આપણી આસપાસ પોતાની અસમર્થતા - અશક્તિ દર્શાવનારા અનેકાનેક જોવા મળે છે. ત્યારે એવું લાગે કે આ લોકો જગતને પોતાની શક્તિઓને દાટવાનું એક વિરાટ કબ્રસ્તાન બનાવી દીધું છે! પોતાની અશક્તિ દર્શાવતા શબ્દોના પાવડા વડે પોતાની માંઝાલી તાકાતને દફનાવ્યા કરે છે.

મિત્રો, જેને ઊડવું છે એને ઉડ્ડયન શરુ કરવું. હવામાન સારું થાય એની રાહ જોવામાં ક્યારેય ઉદયન શક્ય નહીં બને.આપણી જિંદગીમાં કેટલીય ઋતુઓ આવી ને ગઈ પણ આપણે ખીલી કે ખૂલી શક્ય છીએ ખરા?!! પ્રત્યેક માટે બંધન પ્રાણપોષક હોય છે. મર્યાદાના બંધનથી બંધાયેલા છીએ એટલે એવું ના માનશો સફળતા માટે એ અવરોધક છે. એતો પેલું"આગળ રસ્તો બંધ છે એવું દિશા નિર્દેશ કરતુ ડાયવર્ઝનનું પાટિયું છે. આ દિશાદર્શક પાટિયું આપનો કેટલો બધો સમય અને શક્તિ બચાવે છે. ઘણા એવું વિચારે છે કે આપણે કશું જ કરતા નથી પણ ઈશ્વર જ બધું કરે છે. અરે,ભાઈ! આપણા વગર ભગવાન કઈ કરી શકવાનો નથી. પ્રકૃતિએ આપનું સર્જન કર્યું છે એનો અર્થ જ એ થયો કે આપણી પાસે કઈક કરાવવા માગે છે. નહીં તો આપણને પથરા સ્વરૂપે જ મૂક્યા હોત!!

દોસ્તો, જિંદગી એક સાહસ જ છે. જોખમો તો આવવાના હરપળ સંઘર્ષ કરવો જ પડશે. જીવવાનું છે ને કઈક કરી જવાનું છે. એવું સતત સભાનપણે વિચારો. પ્રત્યેક કામ દિલથી કરો. ઢીલા થઈ જીવશો તો ઢળી જશો.... જીવનમાં હળવો દૃષ્ટિકોણ રાખો. જીવન અને જગતને ખેલદિલીની નજરે નિહાળતા શીખવું એ પણ એક કળા છે. લપસી પડીએ ત્યારે સૌથી પહેલા આપણે જ હસી પડવું; તો બીજા લોકો ઓછું હસશે.... જોખમમાં આનંદ હોય એમ વણમાગ્યા રસ્તાનો આનંદ પણ અનેરો હોય છે.

એક કાકો-ભત્રીજો દરિયાકિનારે સ્નાન કરવા માટે ગયા હતા. કાકાએ પાણીમાં ઝંપલાવ્યું. ભત્રીજો એમ જ બેસી રહ્યો. કાકા કહે;"અલ્યા બેસી કેમ રહ્યો છે? ઝંપલાવ મારી સાથે પાણીનાં આ મોજાં બંધ થાય ત્યારે આવું. અત્યારે તો મને ડર લાગે છે". ભરતીનાં પાણી બંધ થશે ત્યારે દરિયો આઘો જતો રહેશે. એ વખતેય મોજાં તો આવ્યા જ કરશે.

ના, હું રાહ જોઈશ ભલે ત્યારે જોતો રહે

આવા માણસો જાત-જાતની શરતો મૂક્યા કરે એ શરતો પૂરી ન થાય ને કામ શરુ પણ ન થાય. દોસ્તો, જરા બે ડગ આગળ વધો. જરા વધારે મોટું સ્વપ્ન રાખો. જરા વિશાળ રચના કરો... દોસ્તો, લાપસવાનો ડર હોય તો હિમાલય નહિ ચઢી શકાય. આવતીકાલની પરિસ્થિતિ આજ કરતા બગડે પણ ખરી માટે વર્તમાન ક્ષણનો બરાબર ઉપયોગ કરી લો. પૂરેપૂરી અનુકુળતા સર્જાય એની રાહ જોઈને બેસી ન રહો... ઉઠો... જાગો...ને ધ્યેય પ્રાપ્તિ સુધી મંડ્યા રહો... આ જીવન મર્મને સમજી લો...

**સ્પર્શમણિ -** માણસ બીજ રોપે છે ત્યારે વૃક્ષ દેખાતું નથી છતાં તેને ખાતરી છે કે તેમાં વૃક્ષ છે. પણ નવાઈની વાત આ છે, એ પોતાના કૃત્યને ભવિષ્યના કોઈ વૃક્ષનું બીજ માનતો નથી. એને તો એ એકપળની રમત જ માને છે!!

- Rasikvalnd1965@gmail.com

# ચુંબકત્વ માનવીની આંતર બાહ્ય ચેતના સાથે પણ વણાયેલું છે જેના ઉપયોગ વડે માનવી આંતરિક-મનોશક્તિથી ધાર્યા કામ કરી શકે છે

## મોરપીંછના રંગ

- ડો. કનૈયાલાલ ભટ્ટ

## ચુંબક ચિકિત્સા : નવું વિજ્ઞાન-નવી દિશા

બ્રહ્માંડમાં અસંખ્ય તારા મંડળો એટલે કે સર્વવ્યાપી ચેતના છે, જેનાં ચુંબકત્વને કારણે સંતુલન છે. માનવી આ બ્રહ્માંડ વ્યવસ્થામાં એક કણ માત્ર છે. પરંતુ આ કણ એટલે કે માનવીમાં એ બધા જ તત્ત્વો છે જે સમગ્ર બ્રહ્માંડ છે.

આપણું પૃથ્વીતત્ત્વ આજે વિકટ પરિસ્થિતિમાંથી પસાર થઈ રહ્યું છે.પૃથ્વીના બ્રહ્માંડ સાથેના તાદાત્મ્યમાં થોડી ગરબડ ઊભી થઈ છે. આપણું શરીર પણ પંચમહાભૂત તત્ત્વોથી બનેલું છે - જળ, વાયુ, પૃથ્વી, અગ્નિ અને આકાશ... આ પંચતત્વના વિદ્યુત તરંગોથી આપણા શરીરનું સમતોલપણું જળવાઈ રહે છે. વેદો-પુરાણોમાં નિત્ય સવારે સ્નાન કરવું, પૂજા કરવી, ધૂપ-દિપ કરવા, સૂર્ય અર્ચના કરવી... આ બધાનું ખૂબ જ મહત્વ દર્શાવ્યું છે. આ બધી ક્રિયાઓ દ્વારા આપણા શરીરને પંચતત્ત્વ મળી રહે એવો વૈજ્ઞાનિક અભિગમ રહેલો છે. આ ઉપરાંત આપણા શરીરનું ચુંબકત્ત્વ પૃથ્વીના ચુંબકત્વ સાથે સરળતાથી ચુંબકત્વની આપ-લે કરીને ઘણા શારીરિક-માનસિક રોગોને આપોઆપ દૂર કરી દે છે. પરંતુ માનવ શરીરમાં જ્યારે ચુંબકત્ત્વની વધ-ઘટ થાય છે ત્યારે સંતુલન બગડે છે અને આધુનિક વિજ્ઞાનની ભેટ સમાન 'એલોપથી' તરફ આપણે વળીએ છીએ. ગંભીર અને જોખમી રોગોમાં આ એલોપથી કામ જરૂર લાગે છે, પીડામાંથી ત્વરિત મુક્તિ પણ મળે છે. પરંતુ લાંબા ગાળે એની આડ અસર અનેક નવી બિમારીઓ ભેટમાં લાવે છે, પરિણામે આજનું વિજ્ઞાન પણ પુરાણોમાં દર્શાવેલી અન્ય ઉપચાર પદ્ધતિઓ તરફ વળ્યું છે. જેમાં હોમિયોપથી, આયુર્વેદ, એક્યુપ્રેશર, યોગા, ધ્યાન, પ્રાણાયામ અને લોહચુંબક ચિકિત્સા : આ બધી પદ્ધતિઓ સરળ અને ઓછા ખર્ચવાળી હોવાથી ધીમે ધીમે લોકપ્રિય થતી જાય છે.

આ ચુંબકત્વ ખરેખર શું છે ? તે સમજવું જરૂરી છે. પદાર્થ વિજ્ઞાન અનુસાર જોઈએ તો આપણને દશ્ય અને પ્રત્યક્ષ અનુભવમાં આવતું જગત એ ભિન્ન ભિન્ન લંબાઈ અને કંપન-ઈન્દ્રિયો વિશ્વમાં રહેલ વિદ્યુત-ચુંબકીય તરંગોમાંથી અમુક જ તરંગો વાઈબ્રેશન પકડી શકે છે. આપણી આંખ .૦૦૦૦૪ સે.મી.થી માંડીને .૦૦૦૦૭ સે.મી. લંબાઈવાળા તરંગો પકડી શકે છે. એથી ઓછા તરંગો ધરાવતી અતિ સૂક્ષ્મ વસ્તુ આપણને દશ્ય થતી નથી.

આ પ્રભાવશાળી ચુંબકનો ઉલ્લેખ છેક આપણા વેદોમાં જોવા મળે છે. અર્થવેદમાં ભાગ-૧ના ખંડ-૧, સૂક્ત-૧૭ના મંત્ર-૩ અને ૪માં આ રીતે ઉલ્લેખ છે.

શતસ્ય ધમનીનાં સહસ્ત્રસ્ય હિરાણામ્ ।
અસ્બુરિન્મધ્યમા ઈમાઃ સાકમન્તા અરસંત ॥૩॥

આ ઉપરાંત ભાગ-૩, ખંડ-૭, સૂકત-૩૫ના મંત્ર-૨ અને ૩માં ખાસ ચોક્કસ પ્રકારના પથ્થરની સહાયથી સ્ત્રીઓના રોગોના નિદાનનો ઉલ્લેખ છે.

આધુનિક યુગમાં ચુંબકત્વની શોધ વિશે ઘણી બધી અવનવી વાતો પ્રવર્તે છે. પરંતુ એ હકીકત છે કે સમગ્ર બ્રહ્માંડનું અસ્તિત્વ એકમાત્ર ચુંબકત્વને કારણે ટક્યું છે. સૂર્યની આસપાસ તમામ ગ્રહો ચુંબકત્વને કારણે ફરે છે, ઉપરાંત પૃથ્વીને પોતાનું પ્રાકૃતિક ચુંબકત્વ પણ છે જેને કારણે જીવસૃષ્ટિ કાળક્રમે વિકાસ પામી છે. જો આ ચુંબકત્વમાં વધ-ઘટ થાય તો માનવ જીવન માટે ખતરો સાબિત થાય છે.

પૃથ્વીના તથા માનવીના ચુંબકીય પ્રભાવમાં ઉત્તર-ધ્રુવ અને દક્ષિણ ધ્રુવ પણ મહત્વનો ભાગ ભજવે છે. જેમકે લાગણીશીલ વ્યક્તિ જ્યારે પોતાનું માથું દક્ષિણ ધ્રુવ તરફ રાખીને સુવે છે તો તેને ઉદ્વેગ થાય છે, ટેન્શન થાય છે પરંતુ જો તે અથવા કોઈપણ વ્યક્તિ રાત્રે સુતી વખતે પોતાનું માથું ઉત્તર તરફ અને પગ દક્ષિણ તરફ રાખે તો પરમ શાંતિનો અનુભવ થશે. ઊંઘ સારી આવશે કેમકે આ રીતે પૃથ્વીના ચુંબકીય ક્ષેત્રની સમાંતર માનવ શરીર ગોઠવાયેલું હોવાથી તેમાં ગરબડ ઊભી થતી નથી. અસંખ્ય વૈજ્ઞાનિક પ્રયોગોમાં સિદ્ધ થયેલું છે કે માણસનું માથું જ્યારે ઉત્તર તરફ હોય ત્યારે મગજમાં ચાલતી વિદ્યુત પ્રક્રિયાઓ ધીમી પડે છે તથા મગજમાં આલ્ફા, ડેલ્ટા અને થીટા તરંગોનું પ્રભુત્વ રહે છે પરિણામે ઊંઘ સારી આવે છે.

આપણું શરીર ચુંબકત્વ કંપનો ધરાવે છે. આપણા શરીરના કણેકણમાં વિદ્યુત પ્રવાહ વહે છે. શરીરના પ્રત્યેક કોષ એક વિદ્યુત એકમ છે. ચુંબકત્વ અને વીજળી બંને શક્તિ સમાન છે. બંનેના સમન્વયથી જીવનકોષો તરોતાજા અને ચેતનમય રહે છે. માનવ શરીર ઉપર ચુંબકત્વનો ખૂબ જ પ્રભાવ છે. આ અંગે વિશ્વભરના વૈજ્ઞાનિકોએ પણ પ્રયોગો દ્વારા સિદ્ધ કરી બતાવ્યું છે. અમેરિકન વૈજ્ઞાનિક ડૉ. હાવર્ડ ડી. સ્ટૈંગલ માને છે કે ચુંબકત્વ એક સાચું વિજ્ઞાન છે એમાં બધા દેશોએ સંશોધન કરવું જોઈએ.

આમ જોઈએ તો ચુંબકમાં લોખંડની વસ્તુને આકર્ષિત કરવાની પ્રબળ શક્તિ છે. પરંતુ બ્રિટનમાં સંશોધન થયું છે કે ચુંબકત્વનો પ્રભાવ અન્યક્ષેત્રોમાં પણ જોવા મળે છે. માનવ શરીરમાં વહેતા લોહીમાં આર.બી.સી. તત્વ હોય છે. જેમાં હિમોગ્લોબિન અને લોહતત્વ હોય છે. આ બંનેને જુદા પાડવા પહેલા ખૂબ જ જટિલ વૈજ્ઞાનિક પ્રક્રિયા કરવી પડતી હતી. પરંતુ હવે ચુંબકત્વના પ્રભાવથી આ બંને તત્ત્વો સરળતાથી જુદા પડી જાય છે. આ ચુંબકત્વ આર.બી.સી.ને લોહીથી અલગ કરી દે છે.આ આર.બી.સી. લોહીમાં ૪૫ થી ૫૦ ટકાની માત્રામાં હોય છે. જેમાં ૪ ટકા લોહતત્ત્વ હોય છે. ચુંબકત્વના આ પ્રભાવથી વૈજ્ઞાનિકો પણ અચંબામાં પડી ગયા. પ્રયોગો શરૂ કર્યા અને બધામાં સફળતા મળી ત્યારે જગતભરમાં આનંદ છવાઈ ગયો. કારણ કે જે રોગોની દવાઓ શોધી નહોતી શકાતી તે રોગો આ ચુંબકત્વથી દૂર કરવાનો સરળ અને બિન ખર્ચાળ ઉપાય હાથ લાગ્યો.

શિકાગોની બાયોમેગ્નેટિક રિસર્ચ ફાઉન્ડેશન દ્વારા સતત ૧૮ વર્ષના સંશોધન પછી જાહેર કરવામાં આવેલું કે લોહચુંબકીય ક્ષેત્ર કેન્સરના કોષોની વૃદ્ધિ અટકાવે છે. ડૉ. મેકલિન પણ માને છે કે 'કેન્સર શક્તિશાળી ચુંબકીય ક્ષેત્રમાં ટકી શકે જ નહીં.' જાપાનના ડૉક્ટરોએ પ્રયોગો દ્વારા સિદ્ધ કર્યું છે કે ફ્રેક્ચરવાળા ભાગ પર ચુંબકીય ક્ષેત્રનો ઉપયોગ કરવામાં આવે તો તૂટેલાં હાડકાંનું જોડાણ ઓછી તકલીફ અને વધુ ઝડપથી થાય છે, ઉપરાંત શરીરના ઈજા પામેલા કોષોની સુધારણામાં પણ લોહચુંબકોને ભવ્ય સફળતા પ્રાપ્ત થઈ છે. વળી નવા બનતા કોષોનો પણ ઝડપથી વિકાસ કરવામાં લોહચુંબકોનો જ ખૂબ જ મોટો પ્રભાવ છે. શરીરના જ્ઞાનતંતુઓ ઈજા કે કપાયા પછી પુનઃ જોડાય છે અને કાર્યરત થાય છે. પરંતુ મગજના અને કરોડરજ્જુના કોષો એક વખત નાશ પામ્યા પછી ફરીથી કાર્યરત થતા નથી જો આવા ભાગોને પણ ચુંબકીય સારવાર અપાય તો ખૂબ જ ઉત્સાહજનક અને સારા પરિણામો પ્રાપ્ત થાય છે. કરોડની ઈજાને કારણે શરીરના નીચેના ભાગ પર પેરેલિસિસની અસરથી પીડાતી વ્યક્તિ પણ ચુંબકીય સારવારથી ધાર્યું પરિણામ મેળવી શકે છે.

ડૉ. રેમન્ડ ડેમેડિયન અને તેના સાથી વૈજ્ઞાનિકોએ સાતેક વર્ષથી મહેનતથી એક વિદ્યુત મેગ્નેટિક યંત્ર તૈયાર કર્યું છે. જે મગજની ગાંઠ, મગજના રોગ, કરોડરજ્જુની ઈજાઓ વગેરેના નિદાનમાં ઉપયોગી થાય છે. આ યંત્રને મેડિકલની ભાષામાં એમ.આર.આઈ. (મેગ્નેટિક રેઝોનન્સ ઈમેજિંગ) મશીન કહે છે. આ મશીનમાં પણ શક્તિશાળી ચુંબકો ગોઠવીને નિદાન કરવામાં આવે છે. બે મીટર ઊંચા-પહોળા અને ત્રણ મીટર લાંબા ઘનમાં શક્તિશાળી વીજ ચુંબકો ગોઠવવામાં આવેલા હોય છે જેને 'મેગ્નેટ બોર' (ચુંબકીયક્ષેત્ર) કહે છે. આ ગોળાકાર ચુંબકીય ક્ષેત્રમાં દર્દીનો પ્રવેશ કરાવીને તેના શરીરના અંદરના સૂક્ષ્માતિસૂક્ષ્મ ચિત્રો (ફોટા) ઝડપવામાં આવે છે. આમ આધુનિક વિજ્ઞાન પણ હવે ચુંબકત્વની શક્તિશાળી અસરને સમજી ચૂક્યું છે.

ચુંબકત્વ માનવીની આંતર બાહ્ય ચેતના સાથે પણ વણાયેલું છે જેના ઉપયોગ વડે માનવી આંતરિક-મનોશક્તિથી ધાર્યા કામ કરી શકે છે. વેદો-પુરાણોમાં વ્યક્તિત્વ-ચુંબકીય પ્રભાવોના અનેક ઉદાહરણો જોવા મળે છે. સ્વામી રામકૃષ્ણ પરમહંસ દ્વારા તેમના શિષ્ય સ્વામી વિવેકાનંદને સ્પર્શીને શક્તિ આપવી, વનવાસમાં લક્ષ્મણ દ્વારા સીતાની રક્ષા માટે રેખા ખેંચવી, મહર્ષિ દયાનંદ દ્વારા પોતાના પ્રભાવક અવાજ દ્વારા હવાની આંધીને રોકી રાખવી, શ્રીકૃષ્ણ દ્વારા ઉત્તરાના મૃત બાળકને જીવિત કરવું... આવા ઘણા બધા ઉદાહરણો છે. હિન્દુ ધર્મ-સંસ્કૃતિમાં પ્રથા છે કે આપણે ગુરુ સંતો કે વડિલોને ચરણસ્પર્શ કરીએ છીએ એ વખતે તે લોકો આપણા માથે હાથ મુકે છે. આ પ્રથા પાછળ પણ એક વૈજ્ઞાનિક તથ્ય છે. માણસના પંચમહાભૂતથી બનેલા શરીરમાં જે કાંઈ ચેતનતત્ત્વની જરૂરિયાત હોય છે તે આપણા મસ્તકથી પ્રવેશે છે. મહાપુરુષોના આપણા મસ્તક પરના સ્પર્શથી એમની ચુંબકત્વ શક્તિ આપણા શરીરમાં પ્રવેશી આપણને શક્તિ તથા શુદ્ધતા અર્પે છે. આખું માનવ અસ્તિત્વ ચુંબકત્વ શક્તિથી ભરપૂર છે. આ બાહ્ય અને આંતરિક ચુંબકત્વનો પ્રભાવક પ્રત્યેક વ્યક્તિમાં હોય છે જેનો થોડો પણ સાચો ઉપયોગ કરવામાં આવે તો વ્યક્તિ ધારે તે કરી શકે, અદશ્ય થઈ શકે, એક ક્ષણમાં ગમે ત્યાં પહોંચી-પરત આવી શકે, હવા-પાણીમાં ચાલી શકે. આ બધું પૌરાણિક યુગમાં થતું હતું. આજના દૂષણો અને પ્રદૂષણોએ આ વિદ્યા નાશ કરી છે જે હવે આપણું વિજ્ઞાન અને નવી ટેકનોલોજી સ્વીકારી ચૂક્યું છે કે માનવ શરીર એ ચુંબકીય શક્તિથી ચાલતું સ્વયંસંચાલિત યંત્ર છે. આ યંત્રના બે મહત્વપૂર્ણ વિભાગ છે 'મગજ' અને 'હૃદય'. શરીરની બધી જ ક્રિયાઓને નિયંત્રિત રાખનાર 'મગજ' છે જ્યારે શરીરની બધી જ રક્તસંચારની પ્રક્રિયા 'હૃદય' દ્વારા થાય છે. વ્યક્તિની વૈચારિક પ્રક્રિયા તેના ચુંબકત્વ પર અસર કરે છે. જો માણસ નેગેટિવ વિચારસરણી ધરાવતો હશે તેના મનમાં ખરાબ ઈચ્છાઓ હશે, ઈર્ષાભાવ, સ્વાર્થ વિચારોની સ્થૂળતા, સ્વભાવમાં ક્રોધ હશે તો તેના શરીરની ઊર્જામાં દોષ ઉત્પન્ન થશે અને શરીરના - મગજના કોષો તૂટતા જશે અને રોગો ઉત્પન્ન થશે ક્યારેક આ માત્રાઓનું પ્રમાણ વધી જવાથી વ્યક્તિનું અચાનક મૃત્યુ પણ થાય છે. આને કારણે જ આજે ડૉક્ટરો, વૈજ્ઞાનિકો, મનોચિકિત્સકો, સાહિત્યકારો પણ પોઝિટીવ વિચારસરણી, શાંતમન, પરોપકારી ભાવનાનું મહત્વ દર્શાવીને યોગ, પ્રાણાયામ અને અધ્યાત્મના માર્ગે વળવાનું કહે છે કારણ કે આ બધી અદશ્ય પ્રક્રિયાઓ દ્વારા ચુંબકત્વ શક્તિ ઉત્પન્ન થાય છે અને નવી શક્તિશાળી ઊર્જા ઉત્પન્ન થઈ વ્યક્તિત્વ આકર્ષિત બનાવે છે.

અહીંયા એક વાત સ્પષ્ટ કરી લેવી જોઈએ કે પ્રત્યેક મેગ્નેટની ગુરૂત્વાકર્ષણની શક્તિ જુદી જુદી હોય છે જેમાં ઉત્તરધ્રુવ અને દક્ષિણધ્રુવને કારણે ચુંબકત્વ ક્ષેત્ર રચાય છે. આજે માર્કેટમાં મળતા ચુંબકો આ થીયરી પ્રમાણે હોય તો તેની માત્રા જાણીને ઉપયોગ કરવો જોઈએ. કેમકે બંને ધ્રુવોના ગુણધર્મો જુદા જુદા હોવાથી તેનો છેડો પારખવો જરૂરી છે અને કયા રોગમાં કયો ધ્રુવ કામ આપશે તેનું જ્ઞાન પણ હોવું અનિવાર્ય છે. જોકે કેટલાંક ચિકિત્સકો બંને ધ્રુવોનો એક સાથે ઉપયોગ કરવાની પણ ભલામણ કરે છે જેમાં દિલ્હીના ડૉ. ઠાકર અને ડૉ. બંસલ મુખ્ય છે જ્યારે અમેરિકાના ડૉ. આલ્બર્ટ ટૉય ડેવિસ અને ભારતના ડૉ. એ.કે. ભટ્ટાચાર્ય એક જ ધ્રુવ દ્વારા સારવાર કરવાના હિમાયતી છે.

ચુંબક ચિકિત્સા કયા કયા રોગો પર અસર કરે છે તે જોઈએ તો... માથાનો દુઃખાવો, માઈગ્રેન, દાંતનો દુઃખાવો, કાન, ગરદન, ખભા, કોણી, ઢીંચણ, કાંડુ, પીઠ, કમર, સાંધો, ઘૂંટણ, હાથ-પગનો પંજો કે પેટ... કોઈપણ દુઃખાવામાં કામ કરે છે. તો વળી ગાઉટ (વઠિયો વા), સંધિવા, સ્નાયુઓના રોગ કે નબળાઈ, અપચો, અજીર્ણ, કબજિયાત, એસિડિટી, હોજરીમાં ચાંદા, પિત્ત, મરડો, ઝાડા, કોલાઈટ્સ, કમળો, લિવરના રોગ, પાઈલ્સ (હરસ-મસા-ભગંદર), બ્રોંકાઈટીસ, હાઈ બ્લડપ્રેશર, ડાયાબિટીસ, એથિરોસ્ક્લેરોસિસ, લકવા, પોલિયો, આંખ-કાન-નાક, પથરી, ચામડીના રોગો, સ્ત્રીઓના રોગો, જાતીય નબળાઈ, અનિંદ્રા, એલર્જી સ્થુળતા, દાઝવું, ડંખ, ગાંઠ, કેન્સર, તાવ, હિસ્ટીરીયા, સ્તનગાંઠ... આ બધા રોગો ઉપરાંત માનવ શરીરના કોઈપણ રોગ ઉપર ચુંબકત્વ કાર્ય કરે છે. પરંતુ એક વાતનું ખાસ ધ્યાન રાખવું કે ઉંમર, શક્તિ, રોગની ગંભીરતા, ચુંબકો કેવા છે ? વાપરવાની રીત કેવી છે ? એના પર આધાર રાખે છે. આ ચિકિત્સામાં મેગ્નેટિક પ્રમાણ જળવાય તો કોઈ આડ અસર થતી નથી. ચુંબકીય સારવારથી રોગોની દશા સુધરશે અને ધીમે ધીમે રોગ મૂળમાંથી હંમેશાંને માટે ખતમ થઈ જાય છે.

આજનું આધુનિક મેડિકલ સાયન્સ સ્વીકારી ચુક્યું છે કે 'મેગ્નેટિક થેરાપી' (ચુંબક ચિકિત્સા) માનવીના કોઈપણ રોગોને મૂળમાંથી અટકાવવા સક્ષમ છે. આને કારણે આજે 'મેગ્નેટ થેરાપી' સૌથી વધુ પ્રચલિત જાપાનમાં થઈ. જાપાનની 'ક્વાસ્કી ઈલેક્ટ્રીક ઈન્ડસ્ટ્રીઝ કંપની લિ.' વિદ્યુત ચુંબકીય ઉપકરણો બનાવે છે. જેનો ઉપયોગ રોગોના ઈલાજ માટે થાય છે આ કંપનીએ 'ઈલેક્ટ્રો-મેગ્નેટીક મૈગ્નેટાઈઝર' બનાવ્યું છે. જે આરામ ખુરશી જેવું છે જેમાં વીજળીથી ચાલતા છ ચુંબકો છે જેમાં બેસવાથી રોગ મટે છે. ટોકિયોમાં 'નાકાટાંવાસિહીકી મેડિકલ ઈન્ડસ્ટ્રીઝ કંપની લિ.' શરીરના ભિન્ન ભિન્ન અંગો પર બાંધવાની ચુંબકીય પેટીઓ બનાવે છે. આવી પેટીમાં ૧૬ ચુંબકો હોય છે. ટોકિયોની બીજી એક કંપની 'એમાન્તે ટ્રેડિંગ કંપની' પણ આવી ચુંબકીય પેટીઓ અને માળાઓ તથા પથારીમાં રાખવાના પેડ પણ બનાવે છે.

(અનુસંધાન પાના નં. ૬ પર)